# રિંગરોડ ઉપર ઓટોરિક્ષામાં ફરતા રહી મુસાફરોને લૂંટી લેતી ટોળકી ઝડપાઇ
# સાત ગુનાઓના ભેદ ઉકેલતી સલાબતપુરા પોલીસ.

તા.૨૧/૦૫/૨૦૧૭

ઓટો રિક્ષા લઇને મુખ્ય માર્ગો ઉપર ફરતાં રહી મુસાફરોના ખિસ્સા હળવા કરતી ટોળકીને સલાબતપુરા પોલીસે ઝડપી છે. આ ટોળકીએ રિંગ રોડ ઉપર સાત મુસાફરોને લૂંટયા હોવાનો ખુલાસો પ્રાથમિક તપાસમાં થયો છે.

સલાબતપુરા પોલીસ મથકના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ઓટોરિક્ષામાં મુસાફરો જગ્યા બાબતે માથાઝીક કરી તેમના ખિસ્સામાંથી રોકડ તથા મોબાઇલ સેરવી લેતી ટોળકી પેંધી પડી છે. માર્કેટ એરિયા તથા સ્ટેશનથી ઉધના દરવાજા વિસ્તાર વચ્ચે પણ આવા બનાવો બન્યા હતાં આ પ્રકારે મુસાફરોને લૂંટતા બદમાશો અને તેમની સાથે મળેલા રિક્ષાવાળાઓને ઝબ્બે કરવા સર્વેલન્સ સ્ટાફને કામે લગાડતા કમેલા દરવાજા વિસ્તારના રાઠી પેલેસ પાસે રિક્ષા લઇ કેટલાક યુવકો ઉભા છે. તેઓ એકલા હોય એવા મુસાફરોને જ બેસાડવાનો આગ્રહ રાખી શંકાસ્પદ હરકતો કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે ત્યાં ધસી જઇ જીજે-૦૫-બીડબલ્યુ-૩૦૪૧ નંબરની રિક્ષા સાથે ચાર યુવકોને દબોચી લીધા હતાં.

ઝડપાયેલા અસલમ ઉર્ફે મનુ રમઝાન તેલી, અનીસખાન કરીમખાન પઠાણ, અલીમશા ઉર્ફે બોબડો ઐયુબશા ફકીર તથા ઇરફાન ઉર્ફે સોનું મુનાવરશા ફકીર (તમામ રહે. ભેસ્તાન આવાસ, પાંડેસરા)ની અંગઝડતી કરાતાં રોકડા ૧૧,૨૫૦/- મળી આવ્યા હતાં. આ ટોળકીની આગવી ઢબે પૂછપરછ કરતાં તેઓ ઓટો રિક્ષામાં ફરી એકલ દોકલ વ્યકિતને બેસાડી ખિસ્સામાંથી રોકડ ચોરી લેતાં હોવાની વાત બહાર આવી હતી.

આ ટોળકીએ ઉધના દરવાજાથી એક વ્યકિતને રિક્ષામાં બેસાડી તેના ખિસ્સામાંથી ૮૦૦૦/- ચોરી ઋષભ પેટ્રોલ પંપ પાસે ઉતારી દીધો હતો. સ્મીમેર હોસ્પીટલથી બેસાડવામાં આવેલા મુસાફરના ખિસ્સામાંથી ૩૦૦૦/-, રેલ્વે સ્ટેશનથી સહારા દરવાજા સુધી લઇ જવા દરમ્યાન વૃધ્ધ પાસેથી ૭૦૦૦/-, રેલવે સ્ટેશનથી એક યુવતિને બેસાડી સહારા દરવાજા ઉતારી એ દરમ્યાન ૮૦૦૦/-, ઉધના દરવાજાથી બેસાડાયેલા યુવકના ખિસ્સામાંથી ૮૦૦૦/-, સહારા દરવાજા વિસ્તારમાં બે યુવકોને મુસાફર તરીકે બેસાડી ૩૫૦૦/- તથા સહારા દરવાજાથી કિન્નરી સિનેમા સુધીમાં એક યુવકના ખિસ્સામાંથી રોકડા ૨૦૦૦/- સેરવી લીધા હતા.